# ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર

બ્લોક નં.૧૬,ભોંયતળીયે,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
ફોન નં- ૦૭૯-૨૩૨૫૬૪૮૬/૮૭/૮૮/૮૯ હેલ્પ લાઈન નં-૮૪૦૧૪૦૨૩૦૩
વેબસાઈટ:- www.sje.gujarat.gov.in/gtkvn ઈ-મેઈલ:- md-gtkvn@gujarat.gov.in

## સીધા ધિરાણ યોજના હેઠળ ઓનલાઇન અરજી કરવા અંગેની જાહેરાત

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના નિયામકશ્રી, વિ.જા.ક., ગાંધીનગર તથા રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હીના સહયોગથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક અને સ્વરોજગારલક્ષી ધંધા/ વ્યવસાય માટે ઓછા દરના વ્યાજની લોન યોજનાઓ જેવી કે (૧) મુદ્દતી લોન (ટર્મ લોન), (૨) માઇક્રો ફાયનાન્સ, (૩) મહિલા સમૃધ્ધિ યોજના, (૪) ન્યુ સ્વર્ણિમા યોજના, (૫) સ્વયં સક્ષમ યોજના અમલમાં છે. જેનો લાભ લેવા માટે ગુજરાત રાજ્યના વતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના ઠાકોર અને કોળી જાતિના લોકો પાસેથી ઓનલાઇન અરજીઓ તા.૨૬/૦૯/૨૦૨૪ થી તા. ૨૫ /૧૦/૨૦૨૪ સુધી મંગાવવા online portal ખોલવામાં આવનાર છે.

આ યોજનાઓમાં લાભ લેવા, નિગમના પોર્ટલ http://gtkdconline.gujarat.gov.in તથા વેબસાઇટ sje.gujarat.gov.in/gtkvn પરથી ઓનલાઇન અરજી કરી તેની સાથે જણાવેલ આધાર પુરાવાઓ (pdf format) માં અપલોડ કરવાનાં રહેશે. (ઓનલાઇન અરજી કરવા જરૂર જણાય તો નિગમની વેબસાઇટ પરથી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.)ની કચેરી /જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.) કચેરીએથી યોજનાઓની માહિતી મેળવી લેવાની રહેશે.)

**યોજનાની પાત્રતા:**

(૧) યોજનાની પાત્રતાની વિગતો નિગમની વેબસાઇટ પર ઉપલબ્ધ છે, જે ધ્યાનમાં રાખીને અરજી કરવી.

(૨) સ્વરોજગારની લોન યોજનામાં અરજદારની વય મર્યાદા ૨૧ વર્ષ થી ૫૦ વર્ષ રહેશે. (સ્વયં સક્ષમ લોન યોજનામાં અરજદારની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ સુધીની રહેશે.)

(૩) અરજદારની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૩,૦૦,૦૦૦/-ની રહેશે.

(૪) સ્વરોજગારની લોન યોજનાનો લાભ માટે કુટુંબમાંથી કોઇ પણ એક જ વ્યક્તિને એક જ વાર મળવાપાત્ર રહેશે.

(૫) અરજી કરતી વખતે આધાર નંબર સાથે લીંક હોય તે જ બેન્ક ખાતાની વિગતો આપવાની રહેશે.

(૬) અરજીમાં અરજદારે પોતાનો જ મોબાઇલ નંબર આપવાનો રહેશે. મોબાઇલ નંબર ચાલુ સ્થિતીમાં રાખવાનો રહેશે. અન્ય વ્યક્તિનો નંબર આપેલો હશે અથવા એક જ નંબરથી વધુ અરજીઓ કરેલ હશે તો આવી અરજીઓ રદપાત્ર ગણવામા આવશે.

(૭) અરજીમાં સંપુર્ણ વિગતો ભરેલી નહી હોય અથવા અધુરા દસ્તાવેજો વાળી અરજી હશે તો તે આપોઆપ રદપાત્ર (નામંજુર) ગણાશે.

નોંધ:- ન્યુ આકાંક્ષા યોજના અંતર્ગત આપવામાં આવતી શૈક્ષણિક લોન માટે ઉક્ત પોર્ટલ ૩૬૫ દિવસ ખુલ્લુ રાખવામાં આવેલ છે.

ઉપરોકત આપવામાં આવેલ જાહેરાત સંદર્ભમાં મળેલ લોન અરજીઓ નાણાકીય જોગવાઇને ધ્યાને લઇ મંજુર/ નામંજુર કરવાનો આખરી નિર્ણય સરકારશ્રીના નિતિ નિયમોને આધિન ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમ, ગાંધીનગરનો રહેશે.

સ્થળ: ગાંધીનગર
તારીખ:-૨૪/૦૯/૨૦૨૪

મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ
ગાંધીનગર

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર
બ્લોક નં.૧૬,ભોંયતળીયે,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
ફોન નં- ૦૭૯-૨૩૨૫૬૪૮૬/૮૭/૮૮/૮૯ હેલ્પ લાઈન નં-૮૪૦૧૪૦૨૩૦૩
વેબસાઈટઃ- www.sje.gujarat.gov.in/gtkvn ઈ-મેઈલઃ- md-gtkvn@gujarat.gov.in

ગુઠાકોવિનિ/જાહેરાત/૨૦૨૪-૨૫/ ૬૨૭૧ તારીખઃ-૨૬/૦૯/૨૦૨૪ ૨૫

પ્રતિ
મેનેજરશ્રી,
ગુજરાત ઇન્ફર્મેટીક્સ લિમિટેડ,
બ્લોક નં. ૨, કર્મયોગી ભવન,
સેક્ટર ૧૦-એ, ગાંધીનગર

વિષયઃ- વેબસાઇટ પર જાહેરાત પ્રસિધ્ધ કરવા બાબત,

શ્રીમાન,

ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરની યોજનાઓના ઓનલાઇન અરજીફોર્મ મંગાવવા માટેની જાહેરાત તા. ૨૬/૦૯/૨૦૨૪ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવનાર હોઇ સદર જાહેરાત અત્રેના ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરની વેબસાઇટ sje.gujarat.gov.in/gtkvn પર મુકવા તેમજ ઓનલાઇન અરજીના પોર્ટલ http://gtkdconline.gujarat.gov.in ની લિંક મુકવા વિનંતી છે.

મેનેજીંગ ડીરેકટર
ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ
ગાંધીનગર

બિડાણ:- જાહેરાતની નકલ